# પ્રસ્તાવના

શ્રીમતી રાણી ચંદનો જન્મ પૂર્વ બંગાળમાં થયો હતો. એમના પિતાજી કુલચંદ્ર દે કાવ્યો લખતા. એમના મોટા ભાઈ મુકુલ દેએ શાંતિનિકેતનમાં અભ્યાસ કર્યો હતો. ત્યાર બાદ કલકત્તાની ગવર્નમેન્ટ આર્ટ કૉલેજના પ્રિન્સિપાલ તરીકે એમણે ફરજ બજાવી.

શ્રીમતી રાણી ચંદ ૧૯૨૭માં શાંતિનિકેતન આવ્યાં. રવીન્દ્રનાથનાં તેઓ નિકટનાં સ્નેહીજન હતાં. એમના પતિ શ્રી અનિલકુમાર ચંદ રવીન્દ્રનાથના સેક્રેટરી હતા. એમણે શાંતિનિકેતનમાં કલાભવનમાં આચાર્ય શ્રી નંદલાલ બસુ પાસે ચિત્રકળાની તાલીમ લીધી.

રવીન્દ્રનાથની છેલ્લી માંદગી સુધી એમની પાસે રહ્યાં, એમની સંભાળ લીધી. ગુરુદેવ સાથેની સહજ વાતો - ચર્ચા, વિવિધ પ્રસંગોની તેઓ નોંધ કરતાં રહેતાં.

'આલાપચારી રવીન્દ્રનાથ' અને 'ગુરુદેવ' (૧૯૬૨) આ બે પુસ્તકોમાં એમણે ખૂબ સુંદર રીતે એ બધું રજૂ કરેલું છે.

તે ઉપરાંત 'શિલ્પીગુરુ અવનીન્દ્રનાથ', 'પૂર્ણકુંભ', 'આમાર માર બાપેર બાડી', 'હિમાદ્રિ' વગેરે પુસ્તકો પ્રસિદ્ધ થયેલાં છે.

પશ્ચિમ બંગાળ સરકાર તરફથી રવીન્દ્ર પુરસ્કાર મળ્યો અને રવીન્દ્રભારતી સોસાયટી તરફથી સન્માનિત થયેલાં છે.

# ગુરુદેવ

સાલ, તારીખ યાદ નથી, યાદ રહેતું પણ નથી. ત્યારે ખાસ્સી મોટી થઈ ગઈ હતી. વિક્રમપુરથી માની સાથે અમે કલકત્તા આવ્યાં, એના થોડા વખત પછી મોટા ભાઈ બાર વર્ષ વિલાયત રહીને દેશ પાછા ફર્યા. આવ્યા એવા જ ગુરુદેવ રવીન્દ્રનાથને શાંતિનિકેતન પ્રણામ કરવા ગયા. દીદી અને મને - બંને બહેનોને સાથે લીધાં.

બરાબર યાદ છે - બપોરની કોઈ એક ટ્રેનમાં લાંબા ઇન્ટર કલાસના એક ડબામાં બારી પાસે સામસામે અમે બંને બહેનો બેઠાં છીએ. થોડો સંકોચ, થોડો ગભરાટ - પણ હૃદયમાં છૂપો આનંદ, સમજણાં થયાં પછી શહેરમાં અમારું ફરવાનું આ પહેલી વાર થયું. નાનપણમાં પિતાજી ગુજરી ગયા. તે જ વખતમાં મોટા ભાઈ ગુરુદેવ સાથે જાપાન ફરી આવ્યા હતા. મા અમને લઈને ઢાકા ચાલી આવ્યાં, મોટા ભાઈ વિલાયત ગયા. અમારે માટે શહેર એટલે ઢાકા. ગામ એટલે શ્રીધરપુર - મામાનું ઘર.

બંને બહેનો ગુસપુસ કર્યા કરીએ. ગુરુદેવને પહેલાં નજરે જોયા નહોતા, પણ એમને જાણતાં તો હતાં જ. ને બહુ સારી રીતે જાણતાં હતાં, પોતાના સ્વજનની જેમ જાણતાં હતાં. માની પાસે એક મોટી કાળા રંગની સ્ટીલની ટ્રંક હતી, માણસ એની અંદર સૂઈ શકે એટલી મોટી. ચિત્રો, ચોપડીઓ, ગુરુદેવના ફોટા, એમના અક્ષરમાં લખેલી કવિતાઓ, પત્રો અને એની સાથે મોટા ભાઈના દોરેલા નાનામોટા અસંખ્ય સ્કેચ - આ બધાંથી આખી ટ્રંક ભરેલી હતી. વર્ષમાં બે વાર એ ટ્રંક ખોલી મા ચિત્રો, કાગળો તડકામાં તપાવતાં. અમને બંને બહેનોને એની દેખરેખ માટે બેસાડતાં. પવન આવતાં કંઈ ઊડી ન જાય એટલે તે વખતે જ એ બધું આમથી તેમ ફેરવી ફેરવીને જોતાં. અમે બેય બહેનો ફોટાના આલબમ માટે ખેંચમતાણી કરતાં. આ બધું જ અમને ખૂબ પ્રિય હતું. વર્ષમાં બે વાર આ ફોટા ફરી વાર જોવા મળશે એ દિવસની રાહ જોતા.

મા પાસેથી સાંભળ્યું હતું કે મોટા ભાઈએ પોતે આ બધા ફોટા પાડ્યા હતા. મોટા ભાગના ગુરુદેવના જ - આશ્રમમાં મંદિરે જતાં, મંદિરની સામે, મંદિરની સીડી પર બેઠેલા, વિદ્યાર્થીઓ સાથે, લખવાના ટેબલ પર બે હાથ ટેકવીને વિચારતા ગુરુદેવ - કેટલા બધા એમના ફોટા! ઝાડ નીચે આશ્રમનો ક્લાસ, શાલબીથિ, વેણુકુંજ, દેહલિ (શાંતિનિકેતનમાં રવીન્દ્રનાથનું નિવાસસ્થાન) દ્વારિક - પ્રતિમા દેવી, હેમલતા દેવી, લાવણ્ય દીદી ફોટામાં જોયેલા એ બધાને અમે ઓળખતા હતા. તે ઉપરાંત મા પાસે કેટલીય વાતો સાંભળેલી, નાનપણથી પિતાજીએ મોટા ભાઈને શાંતિનિકેતન બ્રહ્મચર્ય આશ્રમમાં ભણવા મોકલ્યા હતા. ત્યાં જ એ મોટા થયા. દરેક રજામાં જ્યારે એ ઘેર આવતા ત્યારે માને બધી વાતો સંભળાવતા. આ બધી વાતો આ બાર વર્ષમાં કેટકેટલી વાર સાંભળી છે - આશ્રમના રસ્તા, મેદાન, વૃક્ષો બધાની સાથે જાણે મારે ઘનિષ્ઠ પરિચય ન હોય!

અજય નદી દેખાતાં મોટા ભાઈ કહેઃ હવે થોડાક જ માઈલ બાકી રહ્યા, તે પછી જ બોલપુર, તે વખતમાં સ્ટેશને ટૅક્સી કે રિક્ષા નહોતાં. સ્ટેશનથી શાંતિનિકેતન સુધીનો બે માઈલનો રસ્તો, બળદગાડીમાં જવું પડતું, નહીં તો, ચાલતાં, કદાચ અમે ચાલીને જ ગયાં હતાં. કુલી સામાન ઉપાડીને આવ્યો હતો. કયા સમયે આશ્રમ પહોંચ્યાં તે યાદ નથી. એ સાંજે ગુરુદેવને જોયા કે નહીં તે પણ યાદ નથી કે તેઓ ક્યાં બેઠા હતા, શું કરતા હતા તે પણ યાદ નથી. કેમેય એ સાંજ યાદ નથી આવતી, જવા દો - જ્યાંથી બરાબર યાદ છે ત્યાંથી જ શરૂ કરું.

આશ્રમનું ત્યારનું સૌથી પહેલું મકાન બન્યું હતું - ગેસ્ટ હાઉસ. અમે ત્યાં જ રહ્યાં હતાં. બીજે દિવસે ખૂબ વહેલી સવારે ઊઠ્યાં. ગેસ્ટ હાઉસની પાસે જ રસ્તાની બીજી બાજુ ધર્મશાળા. ત્યાં આંગણામાં જામલી રંગના શિમ ફૂલો અને આકંદનાં ફૂલોથી માંડવો ભરાઈ ગયો હતો. મોટા ભાઈ વિદેશથી પ્રખ્યાત સ્ટેટમરનો હાથથી બનાવેલો એક માટીના રંગનો નાનો વાડકો લઈ આવ્યા હતા, બે હાથમાં સરસ રીતે ગોઠવાઈ જાય એવા એ વાડકામાં શિમ ફૂલ અને આકંદનાં ફૂલ તોડીને ભરી દીધાં, લઈને ચાલી અમે બે બહેનો ગુરુદેવને પ્રણામ કરવા.

ઉત્તરાયણમાં ઉદયનની બીજા માળની સીડી પાસે જે નાનો ઓરડો, એની આજુબાજુમાં ત્યારે દીવાલ ચણવામાં આવી નહોતી. થાંભલા ઉપર ખાલી ઢળતું છાપરું. ત્યાં. બેસીને ગુરુદેવ લખતા હતા. યાદ આવે છે, ઓરડામાં જઈને પ્રણામ

કરવા ગયાં - ફૂલ જોઈને કેટલા બધા ખુશ થઈ ગયા! કહે, 'કોણ આવ્યું આ મને આનંદની ભેટ આપવા? કહેતાં કહેતાં બે હાથ આગળ લંબાવી ફૂલ ભરેલો વાડકો એમણે મારા હાથમાંથી લઈ લીધો.

બહુ દિવસો પછી મોટા ભાઈ આવ્યા હતા. એમની સાથે જ વધારે વાતો થઈ. અમને પૂછ્યું, 'તમે લોકોએ આશ્રમ જોયો? બીજી બધી છોકરીઓ સાથે ઓળખાણ થઈ? જાવ, જાવ, મળી આવો બધાને. છોકરીઓ સાથે ઓળખાણ કરવામાં બીજું શું? હા ભાઈ, હું ભાઈ, કરીશ એટલે ઓળખાણ થઈ જશે.' સાંભળીને ખિલખિલ કરતાં હસી પડી, બીજું શું બોલ્યા તે સાંભળી પણ ન શકી. સાથે સાથે ગુરુદેવ પણ હસવા લાગ્યા.

છોકરીઓની સાથે ઓળખાણ કરાવી આપવા મોટા ભાઈ અમને છોકરીઓની હૉસ્ટેલ તરફ લઈ ગયા. તે વખતે 'દ્વારિકે' છોકરીઓની હૉસ્ટેલ હતી. ઈંટોથી બાંધેલું ખડનાં છાપરાંવાળું બે માળનું મકાન. પડું પડું થતું હતું તોય આટલો વખત ટક્યું, થોડા વખત પહેલાં જ એ મકાન તોડી નાખવામાં આવ્યું. સ્ટેશનથી આશ્રમમાં પ્રવેશતાં રસ્તાની ધારે જ દ્વારિક. તે વખતમાં આશ્રમમાં નવું કોઈ આવે તો જૂના લોકો જાણે બે હાથ લંબાવી એને પાસે ખેંચી લેતા. એ આત્મીયતા અમારા વખત પછી પણ બહુ સમય સુધી ચાલુ રહી હતી. અત્યારે આશ્રમ વધતાં વધતાં એટલો વધી ગયો છે કોણ આવ્યું કોણ ગયું એ ખબર જ ન રહે.

નુટુદી, અનુદી, ઇભાદી તથા બીજા જેટલા લોકો હતા તે સૌ અમને વીંટળાઈ વળ્યા. ગુરુદેવે કહ્યું હતું 'હા ભાઈ, હું ભાઈ કરવાનું - એ વાત કહેતાં કહેતાં એટલું હસ્યા, સાંભળીને એ લોકો પણ હસ્યા. થોડી જ વારમાં બધાની સાથે મેળ જામી ગયો. એમની સાથે રમવાના મેદાનમાં, આમ્રકુંજ, બકુલવીથિ, છાતિમતલા બધે ફરવા લાગ્યા. મોટા ભાઈ ગુરુપલ્લીનાં ઘરેઘર લઈ ગયા, એકસાથે લાઇનમાં માટીની કુટિર. શિક્ષકો પોતપોતાનો સંસાર વસાવી રહેતા. જોતજોતાંમાં ત્રણ દિવસ જાણે એક પલકમાં પૂરા થઈ ગયા.

યાદ છેઃ ટ્રેનમાં બેસીને જ્યારે અજય ફરીથી પસાર કરી ત્યારે અમે બે બહેનો રડી પડી હતી, જાણે અહીંથી પણ આશ્રમને જોઈ શકતાં હતાં આટલી વાર, હવે એ આંખોથી દૂર થયું.